આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- આશુતોષ અંતાણી

કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખ: ૩૦-૦૩-૨૦૨૪ સમય:-સવારે ૬.૫૦ કલાકે

---

## લોકસભા ચુંટણી-પ્રથમ તબક્કાનું જાહેરનામુ

લોકસભાની પહેલા તબક્કાની આગામી 19મી એપ્રિલે યોજાનારી 102 બેઠકો માટે ભરાયેલા ઉમેદવારી પત્રો પાછા ખેંચવાનો આજે છેલ્લો દિવસ છે. આજ સાંજ સુધીમાં 102 બેઠકો પર કેટલા ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા છે તે ચિત્ર સ્પષ્ટ થશે. 19મી એપ્રિલે મતદાન થયા બાદ આગામી ચોથી જૂને મતગણતરી હાથ ધરાશે.

દરમિયાન, લોકસભાની બીજા તબક્કાની આગામી 26મી એપ્રિલે યોજાનારી 88 બેઠકો માટેનું જાહેરનામું 28મી માર્ચના બહાર પડ્યું હતું. બીજા તબક્કાની ચૂંટણીમાં 12 રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશની લોકસભાની 88 બેઠકો માટે મતદાન થશે જેમાં કેરળની 20, કર્ણાટકની 14, રાજસ્થાનની 13, ઉત્તરપ્રદેશ અને મહારાષ્ટ્રની 8-8, મધ્યપ્રદેશની 7, બિહાર અને આસામની 5, બંગાળ અને છત્તીસગઢની 3-3 જ્યારે મણિપુર, ત્રિપુરા અન જમ્મુ અને કાશ્મીરની દરેકની એક-એક બેઠકોની ચૂંટણી યોજાશે.

આ 88 બેઠકો માટે આગામી ચોથી એપ્રિલ સુધી ઉમેદવારી પત્રો ભરી શકાશે. તારીખ પાંચમીએ તેની ચકાસણી થશે. જો કે, જમ્મુ- કાશ્મીરમાં ઉમેદવારી પત્રોની ચકાસણી આગામી છઠ્ઠી એપ્રિલે થશે.

**(RNU અમદાવાદ)**

-------------------------------------------------------------------

## ચુંટણીપંચ- સી-વીજીલ એપ

કેન્દ્રીય ચૂંટણી પંચને સી-વીજીલ એપ ઉપર 79 હજાર ફરિયાદો અત્યાર સુધી મળી છે, આ પૈકી 99 ટકા ફરિયાદોનો નિકાલ કરવામાં આવ્યો છે. આ પૈકી 89 ટકા ફરિયાદોનું નિરાકરણ 100 મિનિટમાં કરવામાં આવ્યું છે. સી- વીજીલ એપ ઉપર મળેલી ફરિયાદો પૈકી 58 હજારથી વધુ ફરિયાદો ગેરકાયદેસર હોર્ડિંગ અને

બેનરને લગતી છે અને 1 હજાર 400 થી વધુ ફરિયાદો નાણાં, ભેટ સોગાદ અને દારૂની લાલચ આપવાને લગતી છે. 535 ફરિયાદો શસ્ત્રોના પ્રદર્શનથી ડરાવવાને લગતી છે.

એવી જ રીતે, 1 હજારથી વધુ ફરિયાદો પ્રચારનો સમય પૂરો થવા છતાં સ્પીકરનો ઉપયોગ કરવાને લગતી છે. ઉલ્લેખનીય છે કે, કેન્દ્રીય ચૂંટણી પંચે લોકસભાની ચૂંટણી દરમિયાન આદર્શ આચારસંહિતાના ભંગ અંગેની ફરિયાદો સરળતાથી રજૂ કરવા માટે સી-વીજીલ એપ કાર્યરત કરી છે.

**(RNU અમદાવાદ)**

---------------------------------------------------------------------------

## ચુંટણીપંચ-એક્સઝિટ પોલમાર્ગદર્શીકા

લોકસભા સામાન્ય ચુંટણી અંતર્ગત પ્રસાર માધ્યમો માટે એક્ઝિટ પોલ અને ઓપીનિયન પોલ સંદર્ભે માર્ગદર્શીકા સૂચનો જાહેર કરવામાં આવ્યા છે. જેમાં 19 એપ્રિલ થી એક્સઝિટ પોલ અને લોકસભાની સામાન્ય ચુટણી અને ગુજરાત વિધાનસભાની પેટાચુટણીના મતદાનના દિવસે મતદાનનો સમય સમાપ્ત થતો હોય તે પૂર્વેના 48 કલાક દરમ્યાન ઓપીનિયન પોલ પર પણ પ્રતિબંધ જાહેર કરવામાં આવ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, 19 એપ્રિલ ના સવારે 7 વાગ્યા થી પહેલી જૂન સાંજના સાડા છ વાગ્યા સુધી પ્રિન્ટ કે ઈલેક્ટ્રોનિક મીડિયા કોઈ પણ પ્રકારના એક્ઝિટ પોલ કે તેના પરિણામ જાહેર કરી શકશે નહીં.

**(RNU અમદાવાદ)**

---------------------------------------------------------------------------

## કચ્છ-લોકસભા ચુંટણી-મતદાર સુવિધા

ભારતીય ચુંટણીપંચ દ્વારા વરિષ્ઠ નાગરીકોને તેમની શારિરીક અશકતતાનાં કારણે મત આપવામાં પડતી અગવડતાને દુર કરવા કેટલીક ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. કચ્છ જીલ્લામાં  આગામી 7મી મેના યોજાનારા લોક સભાની બેઠક માટેના મતદાન માટે  એકસો વર્ષથી વધુની વયના 445 વરિષ્ઠ મતદારો નોંધાયા છે. જેઓ અન્યો માટે પ્રેરણારૂપ બનશે.

અત્રે ઉલ્લેખનીય છે કે ચુંટણીપંચે 85 વર્ષથી વધુ ઉમરવાળા વરિષ્ઠ નાગરિકો માટે પોસ્ટલ બેલેટ દ્વારા ઘરેથી મતદાનની સુવિધા આપવાની જોગવાઈ કરી છે. કચ્છ જીલ્લામાં  85 વર્ષથી વધુની વયના 14,427 મતદારો નોંધાયા છે. જે આ જોગવાઈનો લાભ લઈ શકશે.જયારે જીલ્લાના 445 સતાયુ મતદારો કે જેઓ મતદાન મથક સુધી ન પહોંચી શકે તો ઘરેથી મતદાન કરવાનો લાભ મેળવી શકશે.

**(NP/આશુતોષ અંતાણી)**

---

## કચ્છ-પંડિત શ્યામજી કૃષ્ણવર્મા પુણ્યતિથિ

કચ્છના ક્રાંતિ ગુરુ પંડિત શ્યામજી  કૃષણવર્માની આજે 94 મી પુણ્ય તિથિ મનાવવામાં આવી  રહી છે. કચ્છમાં જિલ્લા મથક ભુજ તથા તેમના જન્મ સ્થાન માંડવી તેમજ અન્ય સ્થળોએ  ક્રાન્તિવીરને અંજલિ  આપતા કાર્યક્રમો યોજાશે.

**(ચંદ્રવદન પટ્ટણી)**

---

## રાજ્ય-LIC-RBI શાખાઓ

રાજ્યમાં LICની ઓફિસ અને ભારતીય રિઝર્વ બેંકની નિયુક્ત શાખાઓ આજે  અને આવતીકાલે  સામાન્ય કામકાજના કલાકો સુધી ખુલ્લી રહેશે. એલઆઈસીએ જાહેર કરેલા એક નિવેદનમાં જણાવ્યુ છે કે, ચાલુ નાણાકીય વર્ષના અંત પહેલા નાગરિકોને કર બચત પ્રક્રિયામાં કોઈ અગવડતાના પડે તે માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

**(RNU અમદાવાદ)**

---

## ક્રિકેટ-IPL-KKR-RCB

ઈન્ડીયન પ્રીમીયર લીગ આઇ.પી.એલની ગઈકાલે રમાયેલી મહત્વની મેચમાં કોલકતા નાઈટ રાઇડર્સ ટીમે રોયલ ચેલેન્જર બેંગલુરુને 7 વિકેટે પરાસ્ત કરી વિજય મેળવ્યો હતો. બેંગલુરુ ટીમે 6 વિકેટના ભોગે 182 રન કર્યા હતા.વળતા જવાબમાં કોલકતા ટીમે 3 વિકેટ ગુમાવી 186 રન કરી મેચ જીતી લીધી હતી. પહેલી વાર ઘર આંગણે બેંગલુરુમાં રમાયેલી મેચમાં બેંગલુરુ ટીમને હારનો સામનો કરવો પડ્યો હતો.

**(ચંદ્રવદન પટ્ટણી)**

----------------------------------------------------------------------------